# જોઈએ છે

શ્રી મૈત્રી વિદ્યાપીઠ ટ્રસ્ટ, સુરેન્દ્રનગર સંચાલિત શ્રી સી.એચ. શાહ મૈત્રી વિદ્યાપીઠ મહિલા કોલેજ ઓફ એજ્યુકેશન (ગ્રાન્ટ-ઇન-એઇડ), સુરેન્દ્રનગરને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : કવટ/કદ૩/વર્ગ-૩/NOC/૨૦૯૨૧-૨૩ તા.૨૩/૦૯/૨૦૨૫થી નીચેની વર્ગ-૩ ની (ગ્રુપ-B)ની જગ્યા ભરવા NOC મળેલ છે. નીચે જણાવેલ ખાલી જગ્યાની ભરતી કરવા માટે નિયત નમૂનામાં અરજી મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યા | કેટેગરી | લાયકાત | વય મર્યાદા | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | જુનિયર કલાર્ક સંવર્ગ-૩ | ૧ | બિન અનામત (OPEN) | ગુજરાત સરકારશ્રીના ધારાધોરણ મુજબ સરકાર માન્ય યુનિવર્સીટીમાંથી સ્નાતકની પદવી અને સરકાર માન્ય સંસ્થાની કોમ્પ્યુટરની પરીક્ષા પાસ | ૨૦ થી ૩૫ વર્ષ તેમજ ગુજરાત સરકાર અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમ અનુસાર | રૂા.૨૬૦૦૦=૦૦ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર |
| ૨ | જુનિયર કલાર્ક સંવર્ગ-૩ | ૧ | અનામત (SEBC) | | | |

(૧) સદર જગ્યા ગુજરાત રાજય સરકારશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, સામાન્ય વહીવટ વિભાગ, તથા નાણા વિભાગના ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ લેખિત પરીક્ષાના અભ્યાસક્રમ તેમજ પરીક્ષાના માળખા પ્રમાણે લેખિત પરીક્ષા આપવાની રહેશે. (૨) નિમણુંક પામેલ ઉમેદવારને પાંચ વર્ષ માટે ફિક્સ પગાર ચૂકવવામાં આવશે, ત્યારબાદ સમીક્ષા કર્યા પછી નિયમો અનુસાર પગાર ધોરણ લાગુ પડશે. (૩) વિદ્યાર્થી સંખ્યા ઘટે અથવા કોઈ કારણસર સદર જગ્યા રદ થાય તો ફાજલનું રક્ષણ મળવા પાત્ર રહેશે નહીં. ઉપર દર્શાવ્યા મુજબ તા.૨૩/૯/૨૦૨૫ થી મળેલ NOCમાં દર્શાવેલ શરતો બંધનકર્તા રહેશે. (૪) અરજી સાથે LC ધોરણ ૧૦ થી સ્નાતક સુધીના તમામ ગુણપત્રકો, કોમ્પ્યુટરની જાણકારી સાથેના પ્રમાણપત્રો, તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો તથા અનામત કેટેગરીના ઉમેદવારોએ જાતિનું પ્રમાણપત્ર, તાજેતરનું નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર વગેરે સાથે અરજી કરવાની રહેશે. (૫) જાહેરાત પ્રસિદ્ધ થયે ૧૫ દિવસમાં RPAD કે સ્પીડ પોસ્ટ દ્વારા અરજી કરવાની રહેશે. બિન અનામત કેટેગરીના ઉમેદવારોએ રૂા.૫૦૦ અને અનામત કેટેગરીના વિદ્યાર્થીઓએ રૂા.૪૦૦નો ડિમાન્ડ ડ્રાફ્ટ PRINCIPAL, SHRI C.H. SHAH MAITRI VIDYAPEETH MAHILA COLLEGE OF EDU, SURENDRANAGAR ના નામનો અવશ્ય સામેલ રાખવો. પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારને ફી પરત મળવાપાત્ર રહેશે. સાથે 70 (સીતેર) રૂપિયાની ટિકિટવાળુ ઉમેદવારના સરનામાવાળું 9X4 નું કવર સાથે મોકલવું. અધૂરી, અસ્પષ્ટ વિગતોવાળી કે નિયત સમય મર્યાદા બાદ આવેલી અરજી આપોઆપ રદ થશે. (૬) એપ્લીકેશન ફોર્મ તેમજ ઉમેદવારનાં બેંક ખાતાની પાસબુક પ્રથમપેજ/કેન્સલ ચેકની નકલ જોડવી. ભરતી અંગે વિગતવાર માહિતી કોલેજની વેબસાઈટ www.maitrividyapeeth.org પર મૂકવામાં આવેલ છે જેનો પૂરો અભ્યાસ કરી લેવો.

**અરજી મોકલવાનું સરનામુંઃ** આચાર્યશ્રી, શ્રી સી. એચ. શાહ મૈત્રી વિદ્યાપીઠ મહિલા કોલેજ ઓફ એજ્યુકેશન, માનવ મંદિર, પટેલ હોમ્સ સામે, જીનતાન ઉદ્યોગનગર પાછળ, મૂળચંદ રોડ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૨

**તા.01/11/2025, સુરેન્દ્રનગર**

**SHRI C. H. SHAH MAITRI VIDYAPEETH MAHILA COLLEGE OF EDUCATION, SURENDRANAGAR – GUJARAT – 363002**

**(MANAGED BY MAITRI VIDYAPEETH TRUST, SURENDRANAGAR)**

# Application form for the Junior clerk

| Advertisement paper : Sandesh News Paper or Janyug Local Paper Date : 01/11/2025 | | | | Affix the 3.5c.mX3.5c.m. Self-Attested latest Photograph only |
|---|---|---|---|---|
| **DD Amt.** | | **DD Date :____/ ____/2025** | | |
| **DD No.** | | **Branch** | | |
| **Bank Name** | | **City** | | |

<u>નોંધ : જો તમે અનામત કેટેગરીના ઉમેદવાર હો અને તમે OPENની સીટ પર પણ લાભ લેવા માંગતા હો તો તમારે બે (OPEN અને SEBC જગ્યા માટે ) અલગ અરજી કરવાની રહેશે. અને એ અનુસાર જરૂરી ફીના ડ્રાફ્ટ કઢાવવાના રહેશે.</u>

**<u>IMPORTANT:</u> Before filling in the form please read the form, Instruction sand Qualification criteria carefully.**

| **1.** | (In Block letters)Name in full: Mr./Mrs./Ms./Dr. | |
|---|---|---|
| | Father's Name | |
| | Mother's Name | |

**2.**(i) Please Tick mark **(√)** appropriate column. Please enclose Caste Certificate of appropriate authority, if applicable.

| S.C. | S.T. | SEBC | PH | EWS | Open | Other |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

**(ii)તમે અનામત કેટેગરી માંથી આવો છો?** હા ☐ ના ☐

**(iii)જો 'હા' તો તમે OPEN કેટેગરીમાં લાભ લેવા માંગો છો ?** હા ☐ ના ☐

**(iv)જો 'હા' તો તમે બન્ને કેટેગરી માટે અલગ અરજી ફોર્મ અને ફી ડ્રાફ્ટ સાથે જોડેલ છે ?** હા ☐ ના ☐

(Attach a certificate from the competent authority with Caste validity certificate for S.C./S.T./ Socially and Educationally Backward Class (**SEBC)** /PH/ EWS Certificate.) (SEBC candidate must attach valid Non-Creamy layer certificate)

| **3.** | **Date of Birth** | **Date** | | **Month** | | **Year** | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | In figures | | | | | | | | |

| **Age (Years)** |
|---|
| |

(A self-attested of the Higher Secondary School Leaving Certificate in which the Birth Date is registered should be enclosed.)

| A | Birth Place | | Tal. | | Dist. | | State | |
|---|---|---|---|---|---|---|---|---|
| B | Native Place | | Tal. | | Dist. | | State | |
| C | Race & Religion | | Nationality | | Mother tongue | | | |

| **4.** | Please Tick mark (**√**) appropriate column | Married | Unmarried |
|---|---|---|---|
| | | | |

**5.** Full Name & Address for correspondence (In Block Letters)

| **Present:** | | **Permanent:** | |
|---|---|---|---|
| City | | City | |
| Pin code | | Pin code | |
| Tal. | | Tal. | |
| Dist. | | Dist. | |
| State | | State | |
| Mobile No. | | Mobile No. | |
| E-Mail | | E-Mail | |

**6.** Educational Qualifications : Examinations passed (Attested copies of all testimonials/ Certificates including Marks, Grade, Certificate should be attached) :

| Sr. No. | Examination Passed | | Principal Subject | Subsidiary Subject | Name of the University or Examination Body | Total Marks with Class, Grade, Exact percentage (%) | Year & Month of Passing the Examination | No. of attempts for passing each of the examinations | Language in which studies were carriedout | **Encl. at Page No.** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **1** | **2** | | **3** | **4** | **5** | **6** | **7** | **8** | **9** | **10** |
| **1** | S.S.C | | | | | | | | | |
| **2** | H.S.C. | | | | | | | | | |
| **3** | **Bachelor'(Specify Degree)** | **I Sem** | | | | | | | | |
| | | **II Sem** | | | | | | | | |
| | | **III Sem** | | | | | | | | |
| | | **IV Sem** | | | | | | | | |
| | | **VSem** | | | | | | | | |
| | | **VI Sem** | | | | | | | | |
| | | **VII Sem** | | | | | | | | |
| | | **VIIISem** | | | | | | | | |
| | **If semester system is not followed please give details of Final year mark sheet** | | | | | | | | | |
| **4** | **Post-Graduation** | **I Sem** | | | | | | | | |
| | | **II Sem** | | | | | | | | |
| | | **III Sem** | | | | | | | | |
| | | **IV Sem** | | | | | | | | |
| **5** | Other | | | | | | | | | |

| | | | |
|---|---|---|---|
| **6** | Computer Knowledge | YES/NO | Duration of Course and Date |
| 7 | CCC/Other | | |

**8. Languages Known Tick mark (√) appropriately:**

| Sr. No. | Language | Read | Write | Speak |
|---|---|---|---|---|
| 1 | English | | | |
| 2 | Gujarati | | | |
| 3 | Hindi | | | |

## DECLARATION

I hereby solemnly affirm that the information given in this application form is true and correct to the best of my knowledge and belief. I also affirm that I have never been convicted by any court of law or suspended / dismissed by any employer/organization from job. I understand that if any of the information given by me in this form is found incorrect, my candidature is liable to be cancelled at any stage without assigning any reason. I confirm that I shall abide by the decision/s of the Appointment Committee with regard to my application.

__________________________

**Name and Signature of the Candidate**

**Date:**

**Place:**

__Note:__ (i) **All Copies of Mark sheet/Certificates should be Self Attested.**

(ii) List of enclosures attached by the applicant should be arranged strictly in the Following order which enclose: **Please tick (√)**

| Sr. No.<br>No. | Details Enclosed with Application Form | (√) | Encl. at Page No. |
|---|---|---|---|
| | **Educational Qualifications Certificates and other Documents** | | |
| **1.** | Application Form with Photograph & Separate Sheet. | | |
| **2.** | Original Demand Draft | | |
| **3.** | Caste Certificate(If necessary) | | |
| **4.** | School Leaving Certificate. | | |
| **5.** | S.S.C./H.S.C. all Mark sheet & Certificate. | | |
| **6.** | Bachelor's degree Mark sheet and degree Certificate | | |
| **7.** | Master's degree mark-sheet and degree certificate | | |
| **8.** | CCC/Computer proficiency certificate from recognized institutions | | |
| **9.** | Experience Certificates | | |
| **10.** | Valid non-creamy layer certificate for SEBC Candidate. | | |
| **11.** | Certificate of any other qualification, if any | | |
| **12.** | Passbook First page / cancel check copy | | |

## મૈત્રી વિદ્યાપીઠ ટ્રસ્ટ સુરેન્દ્રનગર દ્વારા સંચાલિત

## શ્રી સી. એચ. શાહ મૈત્રી વિદ્યાપીઠ મહિલા કોલેજ ઓફ એજ્યુકેશન, સુરેન્દ્રનગર –

## ગુજરાત-૩૬૩૦૦૨

**શ્રી મૈત્રી વિદ્યાપીઠ ટ્રસ્ટ, સુરેન્દ્રનગર સંચાલિત શ્રી સી. એચ. શાહ મૈત્રી વિદ્યાપીઠ મહિલા કોલેજ ઓફ એજ્યુકેશન (ગ્રાન્ટ-ઇન-એઈડ), સુરેન્દ્રનગરને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : કવટ/isc3/વર્ગ-3/NOC/૨૦૯૨૧-૨૩ તા. ૨૩/૦૯/૨૦૨૫થી નીચેની જુનિયર ક્લાર્ક (સામાન્ય -૧) અને જુનિયર ક્લાર્ક (SEBC -૧) વર્ગ-3 ની (ગ્રુપ-B)ની જગ્યા ભરવા NOC મળેલ છે. પ્રત્યેક ઉમેદવારે નીચે આપેલ સુચના વાંચી અને વિગતે અભ્યાસ કરી લેવો.**

- **જુનિયર ક્લાર્કની ભરતી માટેની અગત્યની સૂચનાઓ**

(૧) નોંધ :

1) અનામત વર્ગના ઉમેદવારો બિન- અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન-અનામત ધોરણો લાગુ પડશે.
2) ઉમેદવાર સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક : સી.આર.આર/ ૧૦૨૦૦૦/ જીઓઆર/ગ -૨ ના ઠરાવની જોગવાઈ મુજબ દિવ્યાંગતની ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતની ટકાવારી ધરાવતા હોવાનુ સિવિલ સર્જનનું સર્ટિફિકેટ ધરાવતા હશે, તો જ દિવ્યાંગત ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક :પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલા નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ / સિવિલ સર્જન/ મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. તબીબી પ્રમાણપત્ર ને આધીન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષ ની છૂટછાટ મળશે (મહત્તમ ૪૫ વય મર્યાદા )
3) માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ,,વાયુ અને ભૂમિ (સ્થળ ) ની આર્મી ફોરસીસમાં ઓછામાં ઓછા 6 (છ) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડીસચાર્જબુક ધરાવતા હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટાછાટ મળશે.

(૨) રાષ્ટ્રીયતા:

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ,૧૯૬૭ ના નિયમ- ૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતો હોવો જોઈએ.

(3) (૧) વયમર્યાદા :-

1) ઉપર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.
2) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી

જોઈએ અને ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા વખતો વખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કીસેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો - ૧૯૬૭ ની જોગવાઈ અનુસાર રહેશે.

**(૩) (૨) વયમર્યાદામાં છૂટછાટ:-**

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

અનામત વર્ગના ઉમેદવારોનો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહી.

| **કેટેગરી** | **છૂટછાટ** | **મહત્તમ વય મર્યાદા** |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | - |
| અનામત કેટેગરીના પુરુષ ઉમેદવારોને | ૫ વર્ષ | - |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | મહત્તમ વય મર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતો પુરુષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | મહત્તમ વય મર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશક્તતા મહિલા ઉમેદવારોને (૧૦+૫ = ૧૫) | ૧૫ વર્ષ | મહત્તમ વય મર્યાદા ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારો (૫+૧૦+૫ =૨૦) | ૨૦ વર્ષ | મહત્તમ વય મર્યાદા ૪૫ વર્ષ |
| માજી સૈનિક ઉમેદવારોને | - | ઉપલી વય મર્યાદામાં તેઓએ બજાવેલ ફરજ ના સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે. |

**(૪) કમ્પ્યુટર ની જાણકારી:-**

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર:- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગુ.૫-થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાના પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈ પણ ડિપ્લોમાં / ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમાં અભ્યાસક્રમમાં કમ્પ્યુટર  એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કમ્પ્યુટર ના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. તેમજ આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂક સત્તાધિકારી સમક્ષ કમ્પ્યુટર ની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થરો નહીં. તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી "રદ" કરશે.

**(૫) શૈક્ષણિક લાયકાત:-**

1) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈ પણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાંટ કમિશન અધિનિયમ-૧૯૫૬ની કલમ - ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈએ અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ.

2) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કમ્પ્યુટર ના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.

(૩)ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

**(૬) ફી ની વિગત :**

ગુજરાત ગૌણ સેવા પસંદગી, ગુજરાત સરકારના નિયમ અનુસાર બિન અનામત કેટેગરીના ઉમેદવારોએ  રૂ. ૫૦૦ અને અનામત કેટેગરીના વિદ્યાર્થીઓએ રૂ.૪૦૦નો ડિમાન્ડ ડ્રાફ્ટથી જરૂરી ફી ભરવાની રહેશે.  પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારને ફી પરત મળવાપાત્ર રહેશે. પરીક્ષામાં અનઉપસ્થિત રહેનાર ઉમેદવારને ફી પરત મળવાપાત્ર રહેશે નહિ.

**નોંધ : જો તમે અનામત કેટેગરીના ઉમેદવાર હો અને તમે OPENની સીટ પર પણ લાભ લેવા માંગતા હો તો તમારે બે (OPEN અને SEBC જગ્યા માટે ) અલગ અરજી કરવાની રહેશે. અને એ અનુસાર જરૂરી ફીના ડ્રાફ્ટ કઢાવવાના રહેશે.**

**(૭) પરીક્ષા પદ્ધતિ:-**

1) સંચાલક મંડળ દ્વારા નિયત સમય મર્યાદામાં રજી.એ.ડી.થી મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કરીને લાયક ઉમેદવારોની રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના (૧) તા. ૧૮/૦૫/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક: GS/૨૦૨૩/૧૫/૦૧૫/K તેમજ-

2) તા.૨૮/૧૨/૨૦૨૩ ના જાહેરનામાં ક્રમાંક: GS/૨૦૨૩/૩૧/૦૧૨૫/K થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિના નિયમો અનુસાર સંવર્ગ-૩, ગ્રુપ-બી ની સ્પર્ધાત્મક પરીક્ષા બે તબકકામાં લેવામાં આવશે.

**(૭) તબકકો-૧ પ્રાથમિક પરીક્ષા ( ગ્રુપ-'બી' પરીક્ષા)**

| | | |
|---|---|---|
| **1** | **Reasoning** | **40 marks** |
| **2** | **Quantitative aptitude** | **30 marks** |
| **3** | **English** | **15 marks** |
| **4** | **Gujarati** | **15 marks** |
| | **Total** | **100 marks** |

- મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોને પસંદ કરવા પ્રથમ તબકકા માટે પ્રાથમિક પરીક્ષા MCQ પ્રકારના પ્રશ્નો ધરાવતી પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.
- પ્રાથમિક પરીક્ષા ૧૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૦૦ ગુણની રહેશે . પરીક્ષાનો સમય 90 મિનિટનો રહેશે.
- પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ ૦.૨૫ ગુણ નેગેટીવ માર્કીંગ રહેશે.
- દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મિનિટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે.
- પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે .પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી.
- પ્રાથમિક પરીક્ષાના અંતે મુખ્ય પરીલા માટે લાયક ઠરેલ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવશે અને મેરીટના આધારે સાત ગણા ઉમેદવારોને બીજા તબકકાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.
- મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારો આ જાહેરાત અન્વયેની શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાત સંતોષે છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે.

**(૮) તબકકો -૨ મુખ્ય પરીક્ષા:-**

પ્રથમ તબકકાની પરીક્ષા બાદ સામાન્ય વહીવટી વિભાગના તા.૧૮/૦૫/૨૦૨૩ ના જાહેરનામાં મુજબ ગ્રુપ-B માટે MCQ પ્રકારના પ્રશ્નો ધરાવતી પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે મુખ્ય પરીક્ષા અંગેની વિગતો આ સાથે સામેલ Appendix G મુજબ તથા પરીક્ષાનો અભ્યાસક્રમ Appendix H મુજબ રહેશે.

**(૯) લઘુત્તમ લાયકી ધોરણ:-**

પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલ છે.

ઉમેદવારે પ્રત્યેક તબકકાની પરીક્ષામાં લઘુત્તમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦ ટકા માર્કસ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઈ પણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈ પણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહી

**Appendix – G Part – II**

**(૧૦) Syllabus for the main examination 200 marks time : 120 minutes**

**Group B (junior clerk)**

| | | |
|---|---|---|
| 1 | English | 20 marks |
| 2 | Gujarati | 20 marks |
| 3 | Polity/public administration/RTI/CPS/PCA | 30 Marks |
| 4 | History, geography, culture heritage | 30 marks |
| 5 | Economics, environment ,science and tech. | 30 marks |
| 6 | Current affairs in which reasoning | 30 marks |
| 7 | Reasoning | 40 marks |
| | **Total** | **200 marks** |

**(૧૧) પગાર ધોરણ:-**

નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૧૬ ના તથા તા. ૨૯/૦૪/૨૦૧૦ અને તા.૦૬/૧૦/૨૦૧૧, તા.૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-ઝ-૧ તેમજ તા. ૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ.૧ તથા છેલ્લી નાણાં વિભાગના તા.૧૮/૧૦/૨૦૨૭ ના ઠરાવ ક્રમાંક: ખચર-૨૦૦૨-૫૭-(પાર્ટ-૪)-ઝ-૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે નીચે મુજબના નિયત ફિક્સ પગારથી નિમણૂંક અપાશે. તેમજ ઉકત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. તદ્દ ઉપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૧-૨૦૧૫-૩૧૨૯૧૧-ગ. ૫ અને નાણાં વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨-૫૭(પાર્ટ-૩)/ઝ-૧, તા.૧૮/૦૧/૨૦૧૭ તથા તા.૧૮/૧૦/૨૦૨૩ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેલી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

| ક્રમ | સંવર્ગ | પ્રથમ પાંચ વર્ષ સુધી મળનાર ફિક્સ પગાર |
|---|---|---|
| 1 | જુનિયર ક્લાર્ક | 26000/- |

**(૧૨) પસંદગી યાદી તૈયાર કરવાની પદ્ધતિ :-**

1) ઉમેદવારોએ પ્રથમ તબક્કાની પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે ગ્રુપ-A અને ગ્રુપ-B માટેની મુખ્ય પરીક્ષા માટેના લાયક ઉમેદવારોની અલગ-અલગ યાદી તૈયાર કરી કોલેજની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે. ભરવાની થતી જગ્યાના સાત ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરાવવામાં આવશે.

2) સંચાલક મંડળ દ્વારા બીજા તબકકાની મુખ્ય પરીક્ષાના અંતે મેળવેલ ગુણ, લઘુત્તમ લાયકી ગુણનું ધોરણ તેમજ ભરવાની થતી જગ્યાના આધારે ગ્રુપ-B (જુનિયર ક્લાર્ક) માટે આખરી પસંદગી યાદી તૈયાર કરી કોલેજની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.

**(૧૩) સામાન્ય સૂચનાઓ:-**

1) ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબકકે "રદ" ગણવામાં આવશે.

2) ઉમેદવાર અરજી પત્રકમાં જે ફોટો અપલોડ કરે છે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજૂ કરવાની રહેશે.)

3) ઉમેદવાર અરજી પત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ રાખવો. અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે ભરતી સંબંધેની તમામ સૂચનાઓ કોલેજની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. આપેલ વેબસાઇટ www.maitrividyapeeth.org અચૂક જોતા રહેવું. જરૂરત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની જરૂરી સૂચનાઓ ઉમેદવારને મોબાઈલ નંબર પર એસ.એમ.એસ. થી આપવામાં આવશે.

4) ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતાં પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી સંચાલક મંડળ "રદ' કરી શકરો તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, સંચાલક મંડળ/નિમણૂંક કરનાર રાત્તાધિકારી દ્વારા કોઈ પણ તબકકે "રદ" કરવામાં આવશે.

5) સંચાલક મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પ્રાથમિક પરીક્ષા કે મુખ્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હકક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય અને ત્યારબાદ સરકારશ્રીની પૂર્વ મંજુરી મળ્યા બાદ જ ઉમેદવારને નિમણુંક આપવામાં આવશે.

6) પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

7) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણોસર સંબંધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહી. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાત્રી થાય કે જાહેર સેવા સારૂં ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકશે. નિમણુંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

8) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા તર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતીના નિયમોને આધિન રહેશે.

9) આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જે તે સંવર્ગના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની જોગવાઈ આખરી રહેશે.

10) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંચાલક મંડળને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને સંચાલક મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

**તારીખ :- ૦૧/૧૧/૨૦૨૫, સ્થળ :- સુરેન્દ્રનગર**

**આચાર્યશ્રી**
**શ્રી સી. એચ. શાહ મૈત્રી વિદ્યાપીઠ મહિલા કોલેજ ઓફ એજ્યુકેશન,**
**સુરેન્દ્રનગર – ગુજરાત-૩૬૩૦૦૨**

**પ્રમુખ/મેનેજિંગ ટ્રસ્ટી/મંત્રી**
**મૈત્રી વિદ્યાપીઠ ટ્રસ્ટ, સુરેન્દ્રનગર – ગુજરાત-૩૬૩૦૦૨**